આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૦-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## લોકસભા ચુંટણી-પાંચમાં તબક્કો

લોકસભાની ચૂંટણીના પાંચમા તબક્કામાં આજે છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 49 બેઠકો માટે સવારે સાતથી સાંજના છ વાગ્યા સુધી મતદાન યોજાશે. પાંચમા તબક્કાનું આજે મતદાન પૂર્ણ થતાં 428 બેઠકો પર મતદાન પૂર્ણ થશે.

આ તબક્કામાં ભાજપનાં વરિષ્ઠ નેતા રાજનાથસિંહ, સ્મૃતિ ઈરાની, પીયૂષ ગોયલ જ્યારે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી, કે. એલ. શર્મા, નેશનલ કૉન્ફરન્સના ઓમર અબ્દુલ્લા, લોકજનશક્તિ પક્ષના ચિરાગ પાસવાન જેવા પ્રતિષ્ઠિત ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

કેટલાક અગ્રણી નેતાઓ, સાંસદો સહિત કુલ 695 ઉમેદવારોનું ભાવિ આજે EVMમાં કેદ થશે. આજે મહારાષ્ટ્રની 13, ઉત્તરપ્રદેશની 14, પશ્ચિમ બંગાળ, બિહાર અને ઓડિશાની 5-5, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની 1-1 બેઠક માટે મતદાન થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચુંટણીના તમામ સાત તબક્કાનું મતદાન પુર્ણ થયે તારીખ ચોથી જુનના મતગણતરી હાથ ધરાશે.

**(RNU અમદાવાદ)**

------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-નમો પુસ્તક પરબ

'નમો પુસ્તક પરબ' ની 151 મી કડીમાં પુસ્તક પ્રદર્શનની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી હતી..વાંચનને એક આદત બનાવવાના હેતુથી સંસ્કૃતિ ફાઉન્ડેશનના ઉપક્રમે શરૂ કરાયેલી આ પુસ્તક પરબમાં 3,000 થી વધુ પુસ્તકો ઉપલબ્ધ છે..મુખ્યમંત્રીએ પુસ્તકોને રસપૂર્વક નિહાળી આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજ્ય-FSAAI

ફળો પકવવામાં કેલ્શિયમ કાર્બાઇડના પ્રતિબંધનું પાલન કરવા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ફળોના વેપારીઓને ચેતવણી આપી છે.

FSSAI એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખાદ્ય સુરક્ષા વિભાગોને પણ સતર્ક રહેવા અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ધારો, 2006 અને તેના હેઠળ બનાવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ અનુસાર આવા ગેરકાયદેસર વ્યવહારમાં સંડોવાયેલી વ્યક્તિઓ સામે ગંભીર પગલાં લેવા અને કડક કાર્યવાહી કરવાની સૂચના આપી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## હવામાન ૦૧-રાજ્ય

હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યનાં કેટલાંક ભાગોમાં ગરમીનું ભીષણ મોજું ફરી વળશે.

કેટલાંક જીલ્લાઓમાં યલો એલર્ટ તો કેટલાક જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત પવન ફૂંકાવાને કારણે અકળામણનો અનુભવ થશે.

ગઈકાલે રાજ્યના અનેક જીલ્લાઓનું મહત્તમ તાપમાન 44 ડિગ્રીથી વધુ નોંધાયું. આગામી પાંચ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જીલ્લોનાં મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રીનો પણ વધારો થઇ શકે છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## હવામાન-૦૨-કચ્છ

દરમ્યાન કચ્છ જિલ્લામાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત રહ્યો છે. ગઈકાલે એરપોર્ટ ખાતે 44.3 ડિગ્રી સેલ્શિયંસ તાપમાન નોંધાયુ હતું. તો જિલ્લા મથક ખાતે 42.8 અને રાપર ખાતે 42 ડિગ્રી સેલ્શિયંસ તાપમાન નોંધાયુ. હવામાન વિભાગ દ્વારા આગામી 24 કલાક સુધી હીટવેવ યથાવત રહેશે. જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જારી કરવામાં આવ્યુ છે.

**(આશુતોષ અંતાણી/NP)**

-----------------------------------------------------------------------

## હવામાન-3 વાવાઝોડાની આગાહી

તો હવામાન વિભાગે મે માસના  અંતિમ દિવસોમાં બંગાળની ખાદીમાં સર્જાયેલા હવાના હળવા દબાળના કારણે અરબી સમુદ્રમાં વાવાઝોડુ ઉદભવી શકે તેવી સંભાવના વ્યક્ત કરી છે.

**(આશુતોષ અંતાણી/NP)**

-----------------------------------------------------------------------

## રાજકોટ-કેન્સર ફેશન શો

રાજકોટમાં સૌ પ્રથમવાર કેન્સર વોરિયર્સના લાભાર્થે ફેશન- શો યોજાયો. આ તકે આયોજક જ્યોતિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં આયોજિત આ સૌથી મોટા ફેશન શોનો લિમ્કા બૂક ઓફ રેકોર્ડ અને ઇન્ડિયા બૂક ઓફ રેકોર્ડમાં સમાવેશ કરવા માટેની કાર્યવાહી કરાશે.

દર્દીઓને 'કેન્સર એટલે કેન્સલ નહીં'ની પ્રેરણા આપવા રાજકોટમાં કેન્સર ક્લબ દ્વારા ફેશન- શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફેશન- શોનો ઉદ્દેશ કેન્સર જેવા ગંભીર રોગ અને તેની સારવાર વિશે જાગૃતિ ફેલાવવાનો તથા લોકોમાં કેન્સરગ્રસ્તો માટે હકારાત્મક અભિગમ કેળવવાનો હતો.

આ ફેશન- શોમાં કેન્સરની સારવાર ચાલી રહી હોય તેવી 75 મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં 18 વર્ષની યુવતીથી માંડી 80 વર્ષના વૃધ્ધાઓએ પરંપરાગત અને ઈન્ડોવેસ્ટર્ન અને વેસ્ટર્ન પહેરવેશની થીમ આધારિત રેમ્પ વોક કર્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ-આઈ.પી.એલ

આઈ.પી.એલ 2024 ટી-20 ક્રિકેટ સ્પર્ધામાં ગઈકાલે ગુવાહાટી ખાતે આયોજીત કલકત્તા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ ઈલેવન વચ્ચેન મેચ ખરાબ હવામાનના કારણે એકપણ દડો ફેંકાયા વગર પડતી મુકાઈ હતી. બંન્ને ટીમને 1-1 પોઈન્ટ મળ્યા હતા. હવે આવતીકાલે 21મેના અમદાવાદના નરન્દ્ર મોદી સ્ટેડીયમ ખાતે પહેલી ક્વોલીફાયર મેચ કલકત્તા નાઈટ રાઈડર્સ અને સનરાઈર્ઝસ હૈદરાબાદ વચ્ચે રમાશે.

આઈ.પી.એલની ગઈકાલે રમાયેલી બીજી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે કિંગ્સ ઈલેવન પંજાબ સામે 4 વિકેટથી વિજય મેળવ્યો હતો.વિજય માટેનો 215 રનનો લક્ષ્યાંક સનરાઈઝર્સ હૈદરાબાદ ઈલેવને 19.1 ઓવરમાં 6 વિકેટે પાર કર્યો હતો.

**(આશુતોષ અંતાણી/NP)**

---